**પ્રધાનમંત્રીએ ભારત દ્વારા સહાયતા પ્રાપ્ત રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું (06 એપ્રિલ, 2025)**

06 એપ્રિલ, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે શ્રીલંકાના રાષ્ટ્રપતિ મહામહિમ અનુરા કુમારા દિસાનાયકા સાથે, અનુરાધાપુરામાં ભારતીય સહાયથી બનાવેલ બે રેલવે પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શુભારંભ સમારોહમાં ભાગ લીધો.

2. નેતાઓએ 91.27 મિલિયન ડોલરની ભારતીય સહાયથી 128 કિમી માહો-ઓમાનથાઈ રેલવે લાઇનનું ઉદ્ઘાટન કર્યું, ત્યારબાદ માહોથી અનુરાધાપુરા સુધી એક ઍડવાન્સ્ડ સિગ્નલિંગ સિસ્ટમનું નિર્માણ શરૂ કર્યું, જે 14.89 મિલિયન ડોલરની ભારતીય અનુદાન સહાયથી બનાવવામાં આવી છે.

3. ભારત-શ્રીલંકા વિકાસ ભાગીદારી અંતર્ગત અમલમાં મુકવામાં આવેલ આ ઐતિહાસિક રેલવે આધુનિકીકરણ પરિયોજનાઓ શ્રીલંકામાં ઉત્તર-દક્ષિણ રેલ કનેક્ટિવિટીને મજબૂત બનાવવા માટે ખૂબજ મહત્વનું છે. તેનાથી આખા દેશમાં યાત્રી અને માલસામાન યાતાયાત બંનેની ઝડપી અને કુશળ આવન-જાવનની સુવિધા થશે.

અનુરાધાપુરા

06 એપ્રિલ, 2025